**ગુરુદેવ પ. પૂ. બાપજીના પ્રથમ સ્મૃતિ ઉત્સવે**
**એમની અંતિમ ભલામણ : " સૌ સંપીને રહેજો..." અન્વયે આ લેખનું વાંચન કરીએ...**

### પારિવારિક સંબંધોનો ઘનિષ્ઠતા પ્રેરક દૃષ્ટિકોણ

# સંપ, સુહૃદભાવ, એકતા

---

## સંપ એ જ સુખ

મનુષ્યના આંતર જગતમાં ઉદ્ભવતી ઊર્મિઓ, લાગણીઓ અને વિચારો વાચા દ્વારા વ્યક્ત થતાં હોય છે અને વર્તન દ્વારા નવ્ય સ્વરૂપ ધારણ કરતાં હોય છે. મનમાં ઉદ્ભવેલા અવ્યક્ત વિચારો વ્યક્ત થવા સતત પ્રયત્નશીલ હોય છે.

આ વિચારોની પ્રસ્તુતિ ઉપર દેશની, સમાજની અને પરિવારની એકતાનો આધાર રહેલો હોય છે. વિચારશીલ માનસ દ્વારા જ્યારે વિનય, વિવેક, સહિષ્ણુતા, લાગણી, પ્રેમ, દયા જેવા અનેક ભાવો હકારાત્મક અભિગમ સાથે રજૂ થાય ત્યારે બેનમૂન આત્મીયતાનું સર્જન થાય છે જેના વિસર્જનનું વિષ ઈર્ષ્યાવૃત્તિ, મારું, તારું, સ્વાર્થવૃત્તિ જેવા સંકુચિત અને નકારાત્મક અભિગમ જ હોય છે. આ વિષથી પરિવારની આત્મીયતા હણાઈ જાય છે અને ક્લેશ, ઝઘડા-ટંટા ને કંકાસનો જન્મ થાય છે. આત્મીયતાનાં અજવાળાં ઓસરી જાય છે અને કુસંગરૂપી અંધકારની આંધી ભર્યાભાદર્યા પરિવારમાં આવી જાય છે.

બહુધા પરિવારો આવી કુસંગરૂપી અંધકારની આંધીમાં અટવાયેલા હોય છે. જ્યાં સામાન્ય માનવજીવનની માનવતાની જ્યોત જગાવવી અઘરી હોય છે ત્યાં ભક્તજીવનની જ્યોત તો કેવી રીતે પ્રકાશે ? તો પછી મુક્તજીવનની અને દિવ્યજીવનની જ્યોત પ્રજ્વલિત થયાની તો આશા કેવી રીતે રખાય ? પરંતુ જો પરિવારમાં સંપ, સુહૃદભાવ અને એકતારૂપી તેલ પૂરીને જ્યોતને પ્રગટાવવામાં આવે તો પરિવારના દીપકો અતિશે પ્રકાશમાન અને દર્શન તુલ્ય બની શકે છે. આપણે પણ આપણાં ઘર-પરિવારની ફૂલવાડીને આત્મીયતાની ફોરમથી મહેંકતી કરવા સંપ, સુહૃદભાવ અને એકતાના ફૂલછોડનું ક્રમિક વાવેતર કરીએ.

અધ્યાત્મ માર્ગનાં અનેક વિઘ્નોને ભૂંસી સફળતાના સુવર્ણ મંત્રો ફૂંકવા માટે ટૂંકો અને સરળ ઉપાય એક ને માત્ર એક જ છે : શ્રીજીમહારાજ અને મળેલા મોટાપુરુષના અંતરનો રાજીપો. એ રાજીપો પ્રાપ્ત કરવા તથા એક દિવ્ય પરિવારની રચના કરવા સંપ, સુહૃદભાવ અને એકતાના ગુણોને કેળવવાથી મહારાજ અને મોટાપુરુષનો રાજીપો ઢૂંકડો બને છે; જેણે કરીને આધ્યાત્મિક ગુણોના આવિર્ભાવનું દ્વાર ઉઘાડું થાય છે. તો ચાલો આત્મીયતાના સર્જન માટેના મૂળ ઉપાય સમાન સંપ, સુહૃદભાવ અને એકતાનાં અમૂલ્ય અધ્યાત્મ સૂત્રોને જાણીએ ને સ્વજીવનમાં ચરિતાર્થ કરીએ.

અંગ્રેજીમાં એક કહેવત છે કે,

"A family who prays together, plays together, sits together, eats together, can only stay together."

અર્થાત્, "જે કુટુંબમાં બધા સાથે મળીને પ્રાર્થના કરે છે, સાથે રમે છે (આનંદ-કિલ્લોલ કરે છે), સાથે બેસે છે, સાથે જમે છે તે જ સાથે રહે છે; એટલે કે સંપીને રહી શકે છે."

ઘરમાં એકબીજાની સાથે હળીમળીને રહેવું એનું નામ સંપ. સંપ વિના સંસારમાં માનવજીવનનું નાવડું

સુખેથી ચાલી શકતું નથી. કારણ કે પારિવારિક શાંતિ કે સુખનું મૂળ જ સંપ છે. સંપ જ સુખનું જનરેટર છે. વળી, સંપીને રહેવું એ બુદ્ધિશાળી વ્યક્તિત્વની ઓળખ છે.

બુદ્ધિવંત વ્યક્તિત્વની ઓળખ આપતાં શ્રીજીમહારાજ જણાવે છે કે, ''પાંચ આંગળીઓ નાની-મોટી છે પણ સૌનો સંબંધ એક પહોંચામાં છે. તેથી પહોંચો શોભે છે એમ સંપ કરીને રહેવું એ અધિક બુદ્ધિનું કામ છે. બે જણ ભેગા સંપીને રહે ત્યારે બુદ્ધિ કળ્યામાં આવે. સંપ રાખી સાથે ચાલે તેટલા તે બુદ્ધિવંત જાણવા.''

- શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૧૧, તરંગ-૫૯

શ્રીજીમહારાજના આ હૃદયસ્પર્શી શબ્દોનો સાર એ જ છે કે, સંપ એ જ ઘરની શોભા છે અને જેને સંપીને રહેતાં આવડે તે જ બુદ્ધિશાળી કહેવાય. ગમે તેટલી લૌકિક આવડત હોય, બુદ્ધિ હોય, સત્તા કે પૈસો હોય પરંતુ એની કોઈ કિંમત નથી. સૌની સાથે સંપીને રહેવું એ જ મહત્ત્વનું છે.

# સંપ : ઇતિહાસનાં પૃષ્ઠો પર

ઇતિહાસનાં પૃષ્ઠોની તવારીખો પર નજર કરીએ કે પછી આજની વર્તમાન પરિસ્થિતિને જોઈએ; મોટી-મોટી સલ્તનતો કે પેઢીઓને જોઈએ કે પછી ઘર-પરિવારને જોઈએ તો જ્યાં તેના પાયામાં સંપનું તત્ત્વ મૂળ સ્થાને જળવાયું છે ત્યાં જ તેનું સાતત્ય દીર્ઘકાળ સુધી ટકી શક્યું છે. પરંતુ જ્યારે અરસપરસ સંપમાં અલ્પ તિરાડ પડી છે ત્યારે તેને ધરાશયી થતાં વાર પણ લાગી નથી. તેનું પતન થઈ ગયેલું જોવા મળે છે. એટલે જ અંગ્રેજી સાહિત્યમાં કહ્યું છે કે,

"United we stand and divided we fall." અર્થાત્ ''સંપથી આપણે સફળ છીએ અને કુસંપથી તો આપણું પતન નક્કી છે.''

જ્યાં સુધી એકસાથે એકમન કરી સૌની સાથે રહેવાય ત્યાં સુધી આપણે આપણા જીવનના ઉચ્ચ ધ્યેયમાંથી ક્યારેય પાછા નથી પડતા કે નથી કોઈ આપણને પાછા પાડી શકતું. પરંતુ જ્યાં સંપ તૂટે છે ત્યાં જ આપણે પાછા પડીએ છીએ અને ત્યાં જ આપણું પતન થાય છે.

એક વખત એક કઠિયારો કુહાડીનો હારડો લઈ જંગલમાંથી પસાર થતો હતો. કઠિયારાને જોઈ જંગલનાં નાનાં-મોટાં વૃક્ષો ભયથી કાંપવા માંડ્યાં. કુટુંબે સહિત પોતાના પતનનાં એંધાણ તેમને દેખાવા લાગ્યાં. આ બધી પરિસ્થિતિને પારખી એક વયોવૃદ્ધ વૃક્ષે સૌને શાંત કર્યાં અને કહ્યું કે, ''જુઓ, તમે બધાં ખોટાં ગભરાવ છો. એ કઠિયારાની પાસે તો માત્ર કુહાડી જ છે. એકલી કુહાડીથી કશું ન થાય. આપણામાંથી જો કોઈ તેનો હાથો બનશે એટલે કે આપણો સંપ તૂટશે તો જ એ આપણો નાશ કરી શકશે. આપણે સૌ સંપીને રહીશું તો એ આપણી ઉપર એક ઘા પણ કરી શકશે નહીં.''

વયોવૃદ્ધ વૃક્ષે આપેલ સલાહ આપણને પણ સંપૂર્ણપણે સ્પર્શે છે. કારણ કે આપણાં કુટુંબ-પરિવારમાં કે પછી સ્નેહી મિત્રવર્તુળમાં પણ જો અરસપરસ એકબીજા સાથેનો સંપ તૂટે અને કોઈ કુહાડીનો હાથો બને ત્યારે જરૂરથી કુસંપનું સર્જન થાય છે. જે કેવળ વિનાશ અને અંતે પોતાનું કે અન્યનું પતન જ કરે છે. જ્યારે આવો કુસંપ સર્જાય ત્યારે સમજવું કે મહારાજ અને મોટાપુરુષોનો રાજીપો ચાલ્યો જશે. કારણ કે જ્યાં સંપ હોય ત્યાં જ તેમનો રાજીપો હોય ને રાજીપો હોય ત્યાં જ તેઓ બિરાજે છે. જો ઘરમાં કુસંપ સર્જાય તો મહારાજ અને મોટાપુરુષો એ સ્થાન ને વ્યક્તિઓનો ત્યાગ કરી દે છે; અને જ્યારે મહારાજ અને મોટાપુરુષનું શિરછત્ર ચાલ્યું ગયું, એમનો રાજીપો ચાલ્યો ગયો ત્યારે અધર્મ પેસવાનો જ છે. એટલે જ સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે કે, ''કુસંપનું સર્જન થાય છે ત્યારે અધર્મનો સર્ગ કુટુંબે સહિત પ્રવેશ કરે છે.''

ધર્મનું વિસર્જન એટલે જ અધર્મનો સર્ગ. શ્રીજીમહારાજ સ્વમુખે પોતાનો અંતર્ગત અભિપ્રાય આપતાં કહે છે કે, ''અમે જ્યાં ધર્મ હોય ત્યાં જ રહીએ છીએ.'' એટલે કે જ્યાં સંપભર્યું વાતાવરણ હોય અને સૌ પોતપોતાના ધર્મમાં સુપેરે વર્તતા હોય ત્યાં જ શ્રીજીમહારાજનો રાજીપો થાય છે. એટલે જ તો હરિ પોતાના નિકટના સંત-હરિભક્ત સમાજમાં પરસ્પર સંપ દૃઢ રહે તેનો સવિશેષ આગ્રહ સેવતા.

એક વખત શ્રીજીમહારાજ વિચરણ કરતાં કરજીસણ ગોવિંદજી પટેલના ભવને પધાર્યા હતા. સૌ સત્સંગી હરિભક્તો મહારાજનાં દર્શન-સેવા, સમાગમનો લાભ લેવા આવ્યા. ત્યારે મહારાજે પરસ્પર સૌનો મહિમા સમજીને સંપ દૃઢ રાખવો એમ વાત કરી હતી :

''જે ભક્ત જાણે મહિમા પ્રભુનો, તો તેહ જાણે મહિમા સહુનો;
જો ભક્ત સાથે નહિ સંપ રાખ્યો, તો ઇષ્ટ સાથે પણ તોડી નાખ્યો.
સત્સંગી સૌ છે હરિનાં જ અંગ, તે શું રુઠે તે હરિને જ સંગ;
જો અંગ એકે હરિનું દુ:ખાય, તો દુ:ખ તે શ્રીહરિને જ થાય.
છરી કરી હોય સુવર્ણવાળી, તેણે જ જો આંગળી કાપી ભાળી;

તથાપિ જો કિંમત જાણી હોય, તો તે છરી નાખી ન દે જ કોય.
જો દૂઝણી ગાય જ લાત મારે, કાઢી ન મૂકે કદી કોઈ ક્યારે;
કલ્યાણરૂપી પય લેવું હોય, સત્સંગથી ક્લેશ કરે ન કોય.''

- શ્રીહરિલીલામૃત : કળશ-૭, વિશ્રામ-૪૨

સુવર્ણની છરી વાગવાથી છરીને કોઈ ફેંકી દેતું નથી. કારણ કે સુવર્ણની કિંમત સમજાઈ છે. દૂઝણી ગાય હોય અને તે જો લાત મારે તોપણ બે પગે નોઝણું બાંધી 'હો બાપો... હો બાપો' કરે અને ગમે તેમ કરીને ગાયને દોહી લે છે. પરંતુ લાત મારવાને લીધે તેને કાઢી મૂકતા નથી. કારણ કે તે પાંખણી (દૂધ ન આપે તેવી) ગાય નથી, દૂઝણી છે એવું સમજાયું છે. એવી રીતે આપણે પણ સત્સંગમાં આવેલા મહારાજના વ્યતિરેક સંબંધવાળા સર્વે મુક્તો સાથે મહિમા સમજી સંપીને રહેવું જોઈએ.

એક વખત સભા પ્રસંગે બે સગા ભાઈઓ જોગાનુજોગ સાથે આવ્યા. પરંતુ તેઓ એકબીજા જોડે ન બેઠા. પ.પૂ. સ્વામીશ્રીએ તેમને જોડે ન બેસવાનું કારણ પૂછ્યું. તો કહ્યું, ''અમારે અબોલા છે. અમે જોડે નહિ બેસીએ.'' એક ભાઈએ કહ્યું, ''સ્વામી, જો એ અહીં બેસશે તો હું જતો રહીશ.'' ત્યારે માર્મિક છતાં વાસ્તવિક ટકોર કરતાં ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું કે, ''અહીંયાં આ લોકમાં એકસાથે નથી રહેવાતું તો પરભાવમાં મહારાજની મૂર્તિમાં જોડે કેમ રહેવાશે ?''

માટે સૌની સાથે બટાકાની જેમ ભળી જવું, એક થઈ જવું, જુદા ન પડવું. બટાકા બધાં શાકમાં ભળી જાય છે જ્યારે ભીંડો કોઈ શાકમાં ન ભળી શકે. માટે ઈર્ષ્યા-માન જેવા સ્વભાવોને મૂકી સૌની સાથે સંપીને રહેવું.

# સંપી વસે સદાય તો માતાપિતા રાજી થાય

એક અમીર-ઉમરાવ પરિવારની આવી અજીબોગરીબ (અનોખી) ઘટના છે. આ સુશિક્ષિત પરિવારમાં ગૌરવભાઈ, તેમનાં પત્ની શીલાબેન, નાનાં બે બાળકો અને દાદાદાદી આમ છ સભ્યો એક આલીશાન બંગલામાં સાથે રહેતાં હતાં. ઘરમાં દોમદોમ સાહેબી અને પૈસાની છોળ્યો ઊડતી હતી. આ પરિવારની સુખ-શાંતિ જોઈ કેટલાક વાહવાહ પણ કરી ઊઠતા.

એક દિવસ સવારે બાળકોનો ચિલ્ડ્રન રૂમ તૈયાર કરાવવા અંગે અને નવાં કપડાં ખરીદ કરવાની બાબતે ગૌરવભાઈ અને શીલાબેન બંને ચર્ચામાં ઊતર્યાં. બંનેના મત જુદા પડતાં ઉગ્ર બોલાચાલી થઈ. તડ તડ ધાણી ફૂટે તેવી વૈખરી વાણીનો વરસાદ વરસવા લાગ્યો. કોઈ કોઈનું સ્વીકારવા તૈયાર નહોતું. વાતાવરણ તંગ થઈ ગયું અને વાત વટ ઉપર આવી ગઈ. બાળકો આ દૃશ્ય જોઈ મોટે મોટેથી રડતાં હતાં. છેવટે દાદીમા આવી શીલાબેનને એક બાજુ લઈ ગયાં અને પ્રસંગને આગળ વધતો અટકાવ્યો.

આ એક જ પ્રસંગથી પરિવારના સંપના હોથા ઊડી ગયા. દંપતી વચ્ચે વૈમનસ્યની દીવાલ ચણાઈ ગઈ અને અબોલા થઈ ગયા. એટલું જ નહિ, બાળકોની સંભાળ લેવા પણ બંનેમાંથી કોઈ તૈયાર ન થયું. છેવટે બિમાર અને વૃદ્ધ દાદીમા માંડ માંડ બાળકોને સાચવતાં હતાં.

ઘરના આવા તંગ વાતાવરણની બાળકોના બાળમાનસ પર ગહેરી અને વિકૃત અસરો થવા માંડી. બંને બાળકો પરીક્ષામાં નાપાસ થયાં અને ઝઘડાખોર બનવા માંડ્યાં. ગૌરવભાઈના જીવનમાં વ્યસનનું ભૂત પેઠું. ધંધામાં નુકસાન આવવા માંડ્યું. સગાંસંબંધીઓ સાથેના સંબંધો પણ વણસવા માંડ્યા. તેઓ પણ તેમના પ્રત્યે ઘૃણા અને નફરત કરવા માંડ્યાં.

એટલે જ સદ્. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું છે કે,

“જહાં સુસંપ તહાં સંપત્તિ નાના (અનેક પ્રકારની);
જહાં કુસંપ તહાં વિપત્તિ નિદાના (ચોક્કસ).”

આ બધું જોતાં વૃદ્ધ માતાપિતાની આંતરડી કકળી ઊઠતી. આંખમાંથી અશ્રુની ધારા વહી જતી. પરંતુ તેઓ શું કરે ? કારણ કે તેઓ નિઃસહાય હતાં.

એક નહિ જેવી વાતમાં હૈયાની હાટડીનાં કમાડ બંધ થઈ ગયાં હતાં. હર્યાભર્યા કિલ્લોલ કરતા ઘરમાં માતમ (દુઃખ કે શોકગ્રસ્ત વાતાવરણ) છવાઈ ગયો હતો. જેની સાથે લોહીનો સંબંધ છે, જે પોતાના છે એની સાથે જ આવું ? “किम आश्चर्यम् अतः परम् ।” આનાથી મોટું આશ્ચર્ય કયું ? બંનેનાં મન ખિન્ન બની ગયાં હતાં. પોતાની ભૂલ તો દેખાતી જ હતી, પણ વણસેલી વાતને કોણ સુધારે ?

એક દિવસ ગૌરવભાઈ એકલાઅટૂલા બગીચાના ઝૂલા પર બેઠા હતા. તેમનું મન કંઈક વિચારી રહ્યું હતું. એટલામાં સામેના ઝાડ ઉપર માળામાં નર અને માદા પક્ષી પોતાનાં બચ્ચાં સાથે આનંદ-કિલ્લોલ કરતાં હતાં. આ દૃશ્યની તેમના મન ઉપર ગહેરી અસર પડી અને વિચારની ગર્તામાં ઊંડા ઊતરી ગયા કે, “આ પક્ષીઓ પાસે રહેવા માત્ર માળો છે ને અનાજના દાણા માટે જ્યાં ત્યાં ભટકવું પડે છે છતાંય કેવા સંપીને આનંદ-કિલ્લોલથી રહે છે અને હું !!! અરે, મેં આ શું કર્યું !!!”

આ દૃશ્યથી ગૌરવભાઈનો અહમ્ પીગળ્યો અને પશ્ચાત્તાપનાં અશ્રુબિંદુથી પરિવારના ક્લેશનું વિસર્જન થયું. તરત જ ઘરમાં જઈ બાળકોને નજીક બોલાવી વહાલથી ભેટીને માફી માંગી. માતાપિતાને પગે લાગી માફી માંગી અને શીલાબેનની પણ માફી માંગી. પળવારમાં તો ઘરનું વાતાવરણ બદલાઈ ગયું. બાળકોને ગુમાવેલાં માતાપિતા પાછાં મળ્યાંનો આનંદ હતો, તો દાદાદાદીને પુનઃ સ્થાપિત થયેલા સંપનો આનંદ હતો.

“સંતાન જો સંપી વસે સદાય, માતાપિતા તે થકી રાજી થાય;
કુસંપી જો તેહ કરે ક્લેશ, માતાપિતા રાજી રહે ન લેશ.”

- શ્રીહરિલીલામૃત : કળશ-૮, વિશ્રામ-૩૨

સિમેન્ટ, કપચી, માટી, લોખંડ, લાકડાં કે પછી સંગેમરમરથી મઢેલા મોંઘાદાટ રાચરચીલાવાળા ઓરડાને 'મકાન' કહેવાય, પરંતુ એમાં જ્યારે સંપ અને પારિવારિક મૂલ્યો પુરાય ત્યારે તે 'ઘર' બને છે. આ ઘરના સભ્યોમાં જ્યારે સત્સંગ અને સંસ્કાર ઉમેરાય ત્યારે ઘર એક 'મંદિર' બની જાય છે. એટલે કે સંપ, સત્સંગ અને સંસ્કાર આ ત્રણનો સમન્વય થાય ત્યારે જ એ પરિવાર શ્રેષ્ઠ બને છે. કુસંપથી ખરડાયેલું ઘર કે પરિવાર કોઈનેય પસંદ પડતાં નથી.

તમારા મિત્રને તમે ઘણા લાંબા સમયથી મળ્યા ન હોય, તેને મળવાની તીવ્ર ઇચ્છા હોય અને એક દિવસ તમે તમારા મિત્રના ઘેર પહોંચો. એ જ વખતે ઘરની બહારના દરવાજે ઊભા ઊભા તમે અંદર કુસંપભર્યું વાતાવરણ જુઓ તો શું કરો ? મિત્રને મળવા જાવ ? તમારી ઇચ્છા પૂરી કરો ? ના. ત્યાંથી જ પાછા વળી જઈએ. ફરી ક્યારેક જઈશું એમ વિચારી અંદર જવાનું માંડી વાળીએ.

જેમ મંદિરમાં ભગવાન અખંડ બિરાજે છે તેમ જે ઘરમાં સંપભર્યું વાતાવરણ હોય ત્યાં પણ ભગવાન અખંડ બિરાજે છે. જે ઘરમાં કુસંપ હોય ત્યાં પ્રભુનો વાસ થતો નથી. કારણ કે જો કુસંપ જોઈ મહેમાન ત્યાંથી નીકળી જતા હોય તો અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ તો ત્યાં કેવી રીતે રહે ?

આપણા ઘરમાં મહારાજને કાયમ માટે બિરાજમાન કરવા હોય તો આપણા પરિવારમાં પણ સંપ રાખવો જ પડે. મોટાપુરુષ પણ જે પરિવારમાં સંપ જુએ ત્યાં સહસા જ આશીર્વાદની હેલી વરસાવી દે છે. અત્યંત રાજીપાની વૃષ્ટિ કરતા હોય છે. પરિવારના સંપથી મોટાપુરુષનો રાજીપો મળે અને એ રાજીપો મળ્યા પછી ગમે તેવા વિકટ સંજોગો આવે તોપણ તેની સામે લડી શકાય છે. એમનો રાજીપો આપણા જીવનનું ચાલક બળ અને સંપ જાળવી રાખવા માટેનું પૂરક બળ બની  રહે છે.

# જીવન એટલે Vehicle testનો 8

મનુષ્યજીવન અનેક ઝંઝાવાતોનું સંગ્રહસ્થાન છે. બાળક સમજણું થાય ત્યારથી અનેક વ્યક્તિઓના સંબંધમાં આવતું હોય છે. બાલ્યાવસ્થામાં મિત્રો સાથેના વ્યવહારથી માંડીને વૃદ્ધાવસ્થા સુધીમાં સમગ્ર જીવનકાળ દરમ્યાન, ઘણા બધા Vehicle testના 8 રચવા પડતા હોય છે. એટલે કે જેમ કોઈ વ્યક્તિ વાહન માટે લાઈસન્સ લેવા જાય ત્યારે સીધે-સીધું લાઈસન્સ ના મળી જાય. આપેલી મર્યાદાની અંદર અંગ્રેજીમાં 8 બનાવવો પડે. અને જો 8 બનાવવામાં પાસ થાય તો જ એને લાઈસન્સ મળે. પરંતુ 8 બનાવવો ઘણો અઘરો હોય છે.

આજે જ્ઞાન, વિજ્ઞાન અને બુદ્ધિનો બહોળો વિકાસ થઈ રહ્યો છે. ભૌતિક સુવિધાઓથી જીવન સમૃદ્ધ થતાં જાય છે, છતાંય જીવન મલકાતાં નથી. કારણ એક જ છે કે જીવન જીવવારૂપી વાહનપરીક્ષામાંથી પાસ નથી થયા. આજે ઘર-ઘર અને વ્યક્તિ-વ્યક્તિ આ Vehicle testના 8માં ગૂંચવાઈ જાય છે.

સમૂહજીવનમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે વિચારો અને મત તો જુદા રહેવાના જ, પરંતુ એની વચ્ચે મન જુદાં થાય તો પતનનો પથ પાંગરવા માંડે છે. સદ્. ગુણાતીતાનંદ સ્વામી વાતોમાં કહે છે કે, “જ્યાં એકબીજાનાં મન નોખાં પડે ત્યાં અધર્મના સર્ગનો પ્રવેશ થાય છે.”

જેમ સાવરણીની સળીઓ એક દોરાના તાંતણે બંધાયેલી હોય તો અનેકને ઉપયોગી બને છે અને જો છૂટી પડી જાય તો કચરાપેટીમાં નાખવા લાયક બની જાય છે. તે કેટલાયના પગ નીચે કચડાઈ જાય છે. આપણે પણ સાવરણીની જેમ પરિવારમાં એક સુહૃદભાવરૂપી તાંતણે બંધાયેલા રહેવું, નહિ તો આ સંસારરૂપી ખાડામાં ક્યાંય કચડાઈ જઈશું.

ઘણી વાર એક ધાબા નીચે સાથે રહેતી વ્યક્તિનાં મન જુદાં હોય છે. છાપરું એક, પણ મન નોખાં હોય છે. આજે મનની જુદાઈ છે, તો કાલે તનની જુદાઈ થતાં વાર નહિ લાગે; કુસંગરૂપી દીવાલ ચણાઈ જતાં વાર નહિ લાગે.

મોટી-મોટી સલ્તનતોનાં પતન મનભેદથી જ થયાં છે. જ્યાં મન નોખાં થયાં ત્યાં ભાગલા પડવાના જ, મારું-તારું થવાનું જ, ઈર્ષ્યા-આંટી બંધાવાની જ, એકબીજા સાથેના વ્યવહારોમાં અસંતુષ્ટતા આવશે જ. છેવટે ઘરના ગોળાનાં પાણી પણ સુકાવાનાં જ, સંયુક્ત ભાવનાની અખંડિતતા ખંડિત થવાની જ.

ભારત દેશમાં મુસ્લિમ સત્તાએ પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું તેના મૂળમાં પણ સુહૃદભાવનો અભાવ જ કારણભૂત હતો.

સમગ્ર ભારત દેશ નાના-નાના રાજાઓનાં રજવાડાંઓમાં વહેંચાઈ ગયેલો હતો. દેશભરમાં એકતા કે અખંડિતતાના અંશ પણ રહ્યા નહોતા. અંદરોઅંદર એકબીજાની વચ્ચે એકતાના અભાવે ભિન્નતા હતી. રાજાઓમાં પરસ્પર સુહૃદભાવનો શૂન્યાવકાશ વર્તતો હતો. એ સમયની તક ઝડપી મુસ્લિમ શાસકોએ ભારત પર વિજય કેવી રીતે મેળવ્યો ?

સૌપ્રથમ મુસ્લિમ શાસક રાજા ચંગીઝખાન ભારત દેશ પર આક્રમણ કરવા માટે આવ્યો. રાજા ચંગીઝખાન પાસે ખૂબ નાનું રાજ્ય ને નહિવત્ સંખ્યામાં સૈન્ય હતું. ભારતના પૂર્વ ભાગમાં ચંગીઝખાન તથા તેનું સૈન્ય ઊતર્યું હતું. યુદ્ધની તૈયારીઓ ચાલી રહી હતી.

એક દિવસ લગભગ રાતના આઠ વાગ્યે રાજા ચંગીઝખાન અને તેમના સેનાપતિ યુદ્ધ માટેનો પેંતરો રચી રહ્યા હતા. ચંગીઝખાનને પોતાના સૈન્યની ઓછી સંખ્યા માટે ખૂબ ખેદ હતો. તેણે સેનાપતિને કહ્યું, “ભારતના વિશાળ સૈન્યની આગળ આપણો વિજય શક્ય નથી.” સેનાપતિએ પણ ખૂબ દિલગીર વદને કહ્યું, “નામદાર, આટલા ઓછા સૈન્યથી લડવું એના કરતાં પાછા જતા રહેવું સારું.” આમ, યુદ્ધ માટે ચર્ચા ચાલી રહી હતી.

અચાનક રાજા ઊભા થઈ દૂર દૂર ભારત દેશની સરહદ પર યુદ્ધ-છાવણી તરફ એક નજરે જોઈ રહ્યા. તેમણે આશ્ચર્ય અનુભવતાં પોતાના ગુપ્તચર અને સેનાપતિને પૂછ્યું કે, ''અત્યારે આ બધા જુદા જુદા દીવા ટમટમે છે તે શું હશે ? આટલા બધા અલગ અલગ દીવા કેમ બળે છે ?''

ત્યારે ગુપ્તચરે કહ્યું, ''નામદાર, એ બધા કાંઈ દીવા નથી ટમટમતા.'' ચંગીઝખાને કહ્યું, ''તો શું છે ?'' ગુપ્તચરે કહ્યું, ''નામદાર, એ તો દીવા નહિ, અલગ અલગ ચૂલા બળે છે. સૈનિકોનાં રસોડાં જુદાં જુદાં છે. બધા પોતપોતાના રોટલા જાતે બનાવીને જમે છે.''

આટલું સાંભળતાં જ રાજા ચંગીઝખાન એકદમ નાચવા ને કૂદવા માંડ્યા. તાળીઓ પાડીને ''આપણે જીતી ગયા... જીતી ગયા'' એમ ઘોષણા કરવા લાગ્યા : ''હવે ભારત દેશ આપણો થઈ ગયો, હવે આપણી જીત ચોક્કસ થઈ જશે.''

સેનાપતિએ કહ્યું, ''નામદાર, એમ કેમ વગર યુદ્ધ કર્યે આમ બોલવા માંડ્યા ?'' ત્યારે રાજા ચંગીઝખાને કહ્યું કે, ''જેનાં રસોડાં જુદાં જુદાં છે તેનાં મન પણ જુદાં જ હોય, નોખાં જ હોય. ત્યાં એકતા શક્ય જ નથી. જેની વચ્ચે એકમન નથી તેની વચ્ચે એકબીજા પ્રત્યે લાગણી કે પ્રેમ શક્ય જ નથી, માટે એમને જીતવા ખૂબ સહેલા છે.'' આમ, ભારત દેશમાં રહેલી સુહૃદભાવની ખંડિતતાને પરિણામે ભારત દેશ મુસ્લિમ શાસકોનો ભોગ બન્યો.

જેમ ભારત દેશના રાજાઓની વચ્ચે એકમન નહોતાં તો સ્વતંત્ર ભારત દેશ પરતંત્ર બની ગયો; તેમ આપણા પરિવારમાં પણ જો પરિવારના સભ્યો એકમના થઈને નહિ રહીએ તો જરૂર કુસંપરૂપી સામ્રાજ્ય આપણી વચ્ચે સ્થપાઈ જશે.

'સુહૃદભાવ' વિશે શ્રીજીમહારાજ કહે છે કે, ''સંપ નથી ત્યાં કળિ કુટુંબ સહિત વસે છે. પરસ્પર વિરોધ થાય તે કળિયુગનું લક્ષણ છે. સંપ, સુહૃદભાવ અને એકતા હોય ત્યાં જ ભગવાન વસે છે. જ્યાં આ નથી ત્યાં ધર્માદિક પણ કથનમાત્ર છે. આકાશમાં ગતિ કરે તોપણ સંપ-સુહૃદભાવ વગર મોટાઈ આવતી નથી.''

- શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૧૯, તરંગ-૫૮

માટે, આપણે આપણા જીવનમાં સૌની સાથે એકમના થઈ સંઘનિષ્ઠાથી જોડાઈશું, તો આપણા જીવનરૂપી Vehicle testનો 8 બનાવવો અઘરો નહિ પડે.

# ઐક્ય એટલે આપણે બધા એક છીએ

સંપ-સુહૃદભાવની દઢતા તો સમાજમાં રહેનાર, માનવતાનાં મૂલ્યોને વરેલ કોઈ પણ વ્યક્તિ કરી શકે છે. પરંતુ એકતા કરવા માટે સત્સંગ અને સત્સંગમાંય સત્સંગ એવા કારણ સત્સંગના યોગની આવશ્યકતા અનિવાર્ય છે. કારણ કે એકતા એટલે ઐક્ય. ઐક્ય એટલે આપણે બધા એક છીએ. બધાયના દેહ તો જુદા જુદા જ છે ને એમાંય અવરભાવની અટક, નાત, જાત આ બધું તો જુદું જુદું જ છે. એમાં ઐક્ય શક્ય નથી. કાર્ય સત્સંગ આખો અવરભાવનો સત્સંગ છે. એમાં આ બધી અવરભાવની જ સમજણ છે. જ્યારે કારણ સત્સંગ આખો પરભાવનો સત્સંગ છે. એમાં નાત, જાત, અટક આ કશું જ નથી. ત્યાં તો એક જ ઓળખાણ છે : 'હું અનાદિમુક્ત છું, તમે અનાદિમુક્ત છો અને આપણે બધા અનાદિમુક્ત છીએ.' 'આપણે સૌ અનાદિમુક્ત છીએ' આ ઐક્ય કારણ સત્સંગમાં જ છે. કારણ કે, મોટાપુરુષ આત્માને (ચૈતન્યને) વર્તમાન ધરાવી અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપી દે છે. એટલે એવા કારણ સત્સંગના દિવ્ય યોગમાં જ એકતા કરી શકાય.

એકતા એટલે આત્માની એકતા. શ્રીજીમહારાજના વ્યતિરેક સંબંધવાળા સૌ મહારાજના અનાદિમુક્તો જ છે. સૌમાં મહારાજ બિરાજમાન છે એવા ભાવથી દરેક આત્મા સાથે એક થવાય એ જ એકતા.

અધ્યાત્મ માર્ગમાં આત્માની એકતા કરવા માટે સૌથી મોટું અડચણરૂપ હોય તો તે છે દેહદૃષ્ટિ.

દેહભાવ એટલે સર્વે દોષોનો સરવાળો. એટલે જ્યાં સુધી દેહદૃષ્ટિ રહે છે ત્યાં સુધી સૌમાં અને પોતાનામાં પણ દોષો જ દેખાય છે. મહારાજના રાજીપાના માર્ગે આગળ વધવા આપણે જે કાંઈ થોડું કર્યું હોય તે દેહદૃષ્ટિને કારણે ધોવાઈ જાય છે. ઘર-પરિવારમાં કે સત્સંગ સમાજમાં આપણે સમૂહજીવનની વચ્ચે જ રહેવાનું છે. સમૂહજીવનમાં અવરભાવની દેહદૃષ્ટિ ટાળીને પરભાવની દિવ્યદૃષ્ટિ ન કેળવાય તો તે આપણા અધ્યાત્મ માર્ગની યાત્રામાં બહુ નડતરરૂપ સાબિત થાય છે.

જ્યાં સુધી આપણે દેહદૃષ્ટિએ બધાને જોઈશું ત્યાં સુધી એમનામાં દોષ દેખાવાના જ છે. પછી દોષનું જ મનન-ચિંતન થયા કરે. એમને વિષે નકારાત્મક પૂર્વાગ્રહ બંધાઈ જાય. એમનામાં કોઈ સારા ગુણ હોય તોપણ ન દેખાય. છેવટે એમનામાં પરઠેલા દોષ આપણામાં આવી જાય અને આપણા દોષમાં દિન-પ્રતિદિન વધારો થતો જાય.

અનાદિકાળથી દેહદૃષ્ટિએ જ સૌને જોવાની પ્રૅક્ટિસ (ટેવ) પડી ગઈ છે. એટલે સત્સંગમાં આવ્યા પછી પણ સામેવાળાના દોષ જ દેખાય છે. કોઈને વિષે ક્રોધી, માની, ઈર્ષાળુના કે અન્ય દોષોના ભાવ દેખાય છે. પરંતુ જો એટલી જ સ્પષ્ટતા થાય કે ખરેખર આ જે કંઈ દોષ દેખાય છે તે દોષ-સ્વભાવ બધા એના દેહના છે. એના આત્માને તો અનાદિમુક્ત કર્યો છે. મારે તો એ આત્મા સાથે લેવાદેવા છે, એના દેહ સાથે નહીં. અને આત્માને વિષે તો કોઈ દોષ છે જ નહિ એવા નિર્દોષ આત્માને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે. એના સંપૂર્ણ કર્તા મહારાજ છે. તો પછી મહારાજને વિષે વળી કેવો દોષ ? આવી સમજણ કેળવાય તો જ સાચા અર્થમાં એકતા થાય. જેમ મહારાજને વિષે દિવ્યભાવ રહે છે એટલે એમને વિષે કોઈ સંકલ્પ થાતો નથી તેમ તેમના વ્યતિરેક સંબંધવાળા સંતો-ભક્તોને વિષે પણ પુરુષોત્તમરૂપનો ભાવ કેળવવાનો છે; તો જ પોતાને વિષેથી દેહભાવ ટળે. અને તો જ મૂર્તિનું સુખ મળે છે.

શ્રીજીમહારાજે ભગવાનના ભક્તને વિષે પરભાવની દઢતા કરાવવા કહ્યું છે કે, "જેમ ભગવાનમાં મોહ ન થાય તેવી જ રીતે ભક્તમાં પણ જેને મોહ ન થાય, અને ભગવાનના ભક્ત બ્રહ્મરૂપ (પુરુષોત્તમરૂપ) છે, દિવ્ય પ્રકાશે યુક્ત છે, એમ સમજે તેનો મોક્ષમાર્ગ નિર્વિઘ્ન બની જાય છે. ભગવાનના ભક્તમાં જ્યાં સુધી પ્રાકૃતભાવ આવે છે ત્યાં સુધી તે પ્રાકૃતભક્ત કહેવાય."

માટે સૌને વિષેથી પ્રાકૃતભાવ એટલે કે દેહદૃષ્ટિ ટાળીને તેમને વિષે પુરુષોત્તમરૂપની દૃષ્ટિ થાય તો જ આપણો શ્રેયમાર્ગ નિર્વિઘ્ને પાર પડે છે, અને સૌને વિષે એકતા થાય છે.

સૌને વિષે આવી સાચી એકતા કેળવવા માટે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ એક જ ઉપાય સંકલ્પ પ્રાર્થનામાં સૂચવ્યો છે કે,

''દીકરા-દીકરી ઘરનાં સભ્યો, અનાદિમુક્ત મનાવજો;
મારાં છે એ ભાવ ભૂલીને, તવ અર્થે જિવાડજો.''